### કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી દોડી આવ્યા

# કોરોનાનો વિસ્ફોટ : બાયડમાં કોરોનાથી ૨ નાં મોત, ૨૫૦ લોકોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ

### બાયડ હાઈસ્કુલના ૩ શિક્ષકો, સુંદરપુરા રામજી મંદિરના ૪ સેવક કોરોના પોઝિટિવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકામાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. ગુરૂવારે બાયડની વલ્લભનગર સોસાયટીમાં કોરોનાના કારણે વેપારી અને અન્ય એક મહિલાનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપ્યો છે. છેલ્લા પખવાડીયામાં બાયડ તાલુકામાં ૨૫૦ લોકોના કોરોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં ચિંતા વધી છે. બાયડ હાઈસ્કુલના ૩ શિક્ષકો કોરોના પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. બાયડ નજીકના સુંદરપુરા રામજી મંદિરમાં સેવા કરતા ૪ સેવક પણ પોઝિટિવ આવતાં નિત્ય મંદિરમાં દર્શને આવતા ભક્તોની ચિંતા વધી છે. બાયડ તાલુકામાં એપ્રિલના આરંભે જ કોરોના વિસ્ફોટથી આરોગ્ય વિભાગ ચિંતિત બન્યું છે. બાયડમાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ જોતાં જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા વગેરે બપોરે બાયડ દોડી આવ્યા હતા અને તમામ કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારોની મુલાકાત ઉપરાંત વેક્સિનેશનની કામગીરીની માહિતી મેળવી હતી. જે સમય દરમ્યાન આરોગ્ય વિભાગના અધિકારીઓ, પ્રાંત અધિકારી, મામલતદાર પણ ઉપસ્થિત હતા.

બાયડમાં છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલાતાં કોરોના હાહાકાર મચાવશે તેવી સંભાવના વ્યકત થઈ હતી. જિલ્લામાં મોડાસા અને ત્યારબાદ બાયડ તાલુકામાં છેલ્લા એક પખવાડીયા દરમ્યાન કોરોના વિસ્ફોટની સ્થિતિ છે. પ્રજા હજુ પણ જાગ્રત નહીં થાય તો સ્થિતિ વધુ વિકરાળ બનવાની સંભાવના છે. બાયડના ગારમેન્ટના વેપારીને કોરોનાનો ચેપ લાગતાં સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા પરંતુ ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં કોરોના સામે જંગ હાર્યા હતા. જ્યારે આજ સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષિય મહિલાનું પણ કોરોનાના કારણે મોત નિપજતાં બાયડમાં એક જ દિવસે કોરોનાથી ૨ નાં મોતથી સોસાયટી વિસ્તાર તથા સમગ્ર બાયડમાં હાહાકાર મચ્યો હતો. બાયડ હાઈસ્કુલના સુપરવાઈઝર સહિત ૩ શિક્ષકો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે. તમામ સ્ટાફે કોરોના ટેસ્ટ કરાવ્યા છે. શૈક્ષણિક સંકુલમાં કોરોનાના પગપેસારાથી વાલીઓ ચિંતિત બન્યા છે. જ્યારે સુંદરપુરા રામજી મંદિરના ૩ મહિલા સાધ્વિ સહિત ૪ ને કોરોના પોઝિટિવ આવતાં સુંદરપુરા રામજી મંદિર દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું છે અને ગામ કે બહારના ભક્તો, સ્વયંસેવકોને મંદિરથી સૂચના મુજબ આદેશ ન થાય ત્યાં સુધી મંદિરે દર્શન તથા અન્ય કોઈપણ કામ માટે નહીં આવવા જણાવ્યું છે.



**બાયડના વેપારીનું મોત, દિકરીએ મુખાગ્નિ આપ્યો**

બાયડ : બાયડ સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં રહેતા ગારમેન્ટના વેપારીને કોરોના થયા પછી સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. સંતાનોમાં માત્ર ૨ દિકરીઓ હતી. કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ વાત્રકના અંતિમધામમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા જ્યાં દિકરીએ પિતાને મુખાગ્નિ આપ્યો હતો.

**૧૫ દિવસમાં ૨૫૦ રેપિડ ટેસ્ટ પોઝિટિવ : તાલુકા હેલ્થ અધિકારી**

બાયડ : બાયડ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી કોરોના બેલગામ બની ગયો છે. બાયડ તેમજ તેના ગ્રામ્ય વિસ્તારો સુધી કોરોનાનો પંજો પ્રસરી રહ્યો છે. બાયડ તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્રભાઈ પરમારનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે બાયડ અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધીમાં કરાયેલા રેપિડ ટેસ્ટમાં ૨૫૦ લોકો પોઝિટિવ આવ્યા છે તેમને દરેક લોકોને કોરોના સામે સાવધ રહેવા અને ફરજીયાત સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા, માસ્ક પહેરવા અનુરોધ કર્યો છે.

## આગ હી આગ : અરવલ્લીના જંગલમાં આગના અવિરત લબકારા

### ભિલોડાના અભાપુર, મોડાસાના લાલપુરના ડુંગરમાં આગથી અફરા તફરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લાના જંગલ તેમજ ખેતરોમાં અગનખેલ ચાલી રહ્યો છે. વહીવટી તંત્ર તમાશો જોતું હોય તેવી સ્થિતિના કારણે રહસ્યમય લાગતી આગ શાંત થવાનું નામ લેતી નથી જેમાં ભિલોડાના અભાપુર તેમજ મોડાસા તાલુકાના લાલપુર(સરડોઈ) નજીકના ડુંગર વિસ્તારમાં આગ ભભૂકી ઉઠતાં અફરા તફરી મચી હતી. સ્થાનિક ગ્રામજનોએ તાબડતોબ આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા હતા જેના કારણે વિકરાળ થતી આગ ઉપર કાબુ મેળવી શકાયો છે. લાલપુરના જંગલમાં લાગેલી આગ રહેણાંક વિસ્તાર સુધી પ્રસરી જતાં સરડોઈ તાબાના વન કર્મીઓએ તાબડતોબ સ્થળ ઉપર પહોંચી ગ્રામજનોના સહકારથી આગ ઉપર કાબુ મેળવ્યો છે પરંતુ એક પછી એક જંગલ તેમજ ખેતરોમાં આગ લાગવાથી જલજલા જેવું ચિત્ર ઉપસ્યું છે.



દર વર્ષે હોળી-ધૂળેટીના તહેવારો સમયે જંગલ વિસ્તારમાં આગ લાગવાના બનાવો શરૂ થતા હોય છે. ખેતરોમાં વિજ તંત્રની બેદરકારીના કારણે ઝોલા ખાતા વિજ તારમાંથી તણખા ઝરવાથી ખેતરોમાં ઉભો પાક આગમાં ભસ્મિભૂત થઈ જતાં ખેડૂતો ખેતીની સીઝનમાં પાયમાલ બની રહ્યા છે. વહીવટી તંત્ર આગના બનાવો રોકવામાં સદંતર નિષ્ફળ સાબિત થયું છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવો પડે તેવી સ્થિતિ પેદા થતી હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લામાં આગ હી આગનું વાતાવરણ ઉભું થયું છે જેમાં ખેતર પછી જંગલ વિસ્તારમાં લાગતી આગનું રહસ્ય ઘેરાયું છે. તાજેતરમાં મોડાસા તાલુકાના ભિલોડા તાલુકાના અભાપુરના જંગલ વિસ્તારમાં આગ લાગતાં વન વિભાગને જાણ કરવામાં આવી હતી જો કે વન કર્મીઓ આવી આગ ઉપર કાબુ મેળવે તે અગાઉ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સ્થાનિક યુવાનોના પ્રયાસથી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો તે જ રીતે મોડાસા તાલુકાના સરડોઈ નજીકના લાલપુરના જંગલમાં પણ આગ ભભૂકી ઉઠતાં અફરા તફરી મચી હતી.

## અંબાજી સહિત રાજ્યના ૬ સ્થળે હેલીપોર્ટ બનશે

### યાત્રાધામ તેમજ પ્રવાસન ધામને આવરી લેતી આ યોજનામાં ખૂબ ઓછી જમીન જોઇએ અને માળખાકીય સુવિધાનો ખર્ચ પણ ઓછો આવે છે

ડીસા, તા.૨

ગુજરાતના પ્રત્યેક તાલુકા મથકે હેલિપેડ બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે રાજ્યમાં એવા છ સ્થળો છે કે જ્યાં સરકાર હેલિપોર્ટ તરીકે તેને ડેવલપ કરી રહી છે. આ સ્થળોમાં યાત્રાધામ અને પ્રવાસન મથકોને આવરી લેવામાં આવ્યા છે. પ્રત્યેક હેલિપોર્ટ પાછળ સરકાર ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. ગયા વર્ષથી આ કામગીરી શરૂ પણ કરવામાં આવી છે.



નાગરિક ઉડ્ડયન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે હેલિપોર્ટ અથવા તો હેલિડ્રોમ એ એક એવી સુવિધા છે જે હેલિકોપ્ટર અને કેટલાક અન્ય વર્ટિકલ લિફ્ટ પ્લેટફોર્મના ઉપયોગ માટે યોગ્ય છે.દૂરના વિસ્તારો, શહેરની વચ્ચે અવરજવર, પર્યટન, કાયદાનું અમલીકરણ, આપત્તિ સહાય, શોધ તેમજ બચાવ અને મેડીકલ ઈમરજન્સીમાં તાત્કાલિક હવાઈ જોડાણ પુરૂં પાડવા માટે સામાન્ય રીતે હેલિકોપ્ટર મુખ્ય ભૂમિકા નિભાવે છે.

નાગરિક ઉડ્ડયન વિભાગે કુલ છ સ્થળોએ હેલિપોર્ટની સુવિધા ઉભી કરવાનું નક્કી કર્યું છે જેમાં અમદાવાદ, સોમનાથ, દ્વારકા, અંબાજી, સાપુતારા અને ગીર સોમનાથનો સમાવેશ થાય છે. હેલિપોર્ટ બનાવવા માટે ખૂબ ઓછી જમીનની આવશ્યકતા હોય છે. એક હેલિપોર્ટ આઠ એકર જમીનમાં બને છે અને તેનો આંતર માળખાકીય ખર્ચ પણ ઓછો આવે છે.

હેલિપોર્ટ તમામ હેલિકોપ્ટર સુવિધાઓ પુરી પાડી શકે છે જેવી કે એમઆરઓ સેવા, સ્મોલ ટર્મિનલ બિલ્ડીંગ, એટીસી ટાવર, ઓપરેશનલ એરિયા, પાર્કિંગ, ફાયર એન્ડ એમ્બ્યુલન્સ, ફ્લુઅલિંગ જેવી યુટિલિટી સેવાઓનો સમાવેશ થાય છે. પ્રત્યેક હેલિપોર્ટ માટેનો ખર્ચ ૨૦ લાખ રૂપિયા થાય છે અને મહેસૂલી ખર્ચ પ્રતિવર્ષ ત્રણ કરોડ જેટલો આવતો હોય છે.

હેલિપોર્ટની કામગીરી અને સંચાલન માટે રેગ્યુલેટરી મંજૂરીની આવશ્યકતા રહે છે. જેમ કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિયેશન, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને પર્યાવરણ અને વન મંત્રાલયની પરમિશન જરૂરી છે. આ હેલિપોર્ટને ચાર્ટર ઉપયોગ માટે અથવા પાર્કિંગ માટે જરૂરી હોય ત્યારે નોન શિડ્યુઅલ ઓપરેટર્સ પરમિટ ધારકોને સંચાલન માટે પરવાનગી આપવામાં આવશે અને આવક પેદા કરવામાં આવશે.

**આ વર્ષે સેવા શરૂ થઈ જશે...**

પ્રથમ વર્ષે અમદાવાદ, સોમનાથ અને અંબાજીમાં સેવા શરૂ કરવામાં આવશે. આ સ્થળો પ્રવાસન સ્થળ તરીકે મહત્વપૂર્ણ હોવાથી અને સુવિધા ઉભી કરવામાં આવેલી હોઈ તેનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવશે. આ છ સ્થળોએ કામગીરી પૂર્ણ થયા પછી રાજ્યના બીજા પ્રવાસન સ્થળોએ આ પ્રકારના હેલિપોર્ટ ઉભા કરવાની દરખાસ્ત કેન્દ્ર સમક્ષ કરવામાં આવશે તેવું નાગરિક ઉડ્ડયન વિભાગના અધિકારીએ જણાવ્યું છે.

## ગ્રોમોર કેમ્પસ-હિંમતનગરમાં કોવિડ વેક્સિનેશન યોજાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

રાજ્યમાં તા.૧ એપ્રિલથી ૪૫ વર્ષથી વધુ વયના લોકો માટે મફત કોરોના વેક્સિનેશન શરૂ થયું છે ત્યારે ગ્રોમોર કેમ્પસ-હિંમતનગરમાં વિરાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ગ્રોમોર નર્સિંગ કોલેજના સહયોગથી કોરોના વેક્સિનેશન કાર્યક્રમ શરૂ થયો છે. જેમાં નર્સિંગના વિદ્યાર્થીઓ તેમજ ગ્રોમોર કેમ્પસના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સહિત ૨૦૦ જણને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો જેમાં ગ્રોમોર કેમ્પસના ટ્રસ્ટી બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, જીજ્ઞેશ પટેલ, જે.ડી.પટેલ, કેયૂર પટેલ, દિપેશ પટેલ, એચ.જે.પટેલ હાજર રહ્યા હતા. સંસ્થાના સેન્ટર હેડ ભરત સુથાર, શૈલેષ માકાણીએ કોરોના વેક્સિન લઈ સૌને કોઈપણ પ્રકારના ડર વિના વેક્સિન લેવા અપીલ કરી હતી. કાર્યક્રમનું આયોજન ગ્રોમોર નર્સિંગ કોલેજનો સ્ટાફ તથા ડૉ.નિલય પટેલ અને બી.એડ. વિભાગના એચ.ઓ.ડી. હરેશભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.



## લોહીની અછત : બાયડના જયઅંબે મંદબુદ્ધિ આશ્રમમાં મેગા બ્લડ કેમ્પનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

કોરોના શરૂ થયો ત્યારથી જિલ્લામાં લોહીની અછત સામે આવી છે. અત્યંત ગરીબ પરિવારના દર્દી માટે સમયસર લોહી ન મળે તો મોત પણ નિપજતું હોય છે. ત્યારે વર્તમાન પરિસ્થિતિમાં લોહીની જરૂરીયાત ઉભી થતાં બાયડના જયઅંબે મંદબુદ્ધિ આશ્રમમાં તા.૪ એપ્રિલ, રવિવારે સવારથી મેગા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મેઘા બ્લડ કેમ્પને સફળ બનાવે તેવી અપીલ કરવામાં આવી છે. જેમાં હિન્દુ યુવા સંગઠન(અરવલ્લી)ભારત, ગણેશ યુવક મંડળ-બાયડ ગામ, સાવલીયા મિત્ર મંડળ-બાયડ, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ-ગાબટ, જલારામ સેવા સમિતિ-હારીજ, મોમાઈ મિત્ર મંડળ-અમદાવાદના સહયોગથી મેગા બ્લડ કેમ્પનું આયોજન થયું છે. સેવા ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ જૈન તથા ટ્રસ્ટી મંડળ મેગા બ્લડ કેમ્પને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે.

### શિક્ષિત પરિવારની શર્મસાર ઘટના

## ગર્ભ પરીક્ષણ માટે દબાણ કરી રૂ. ૫ લાખના દહેજની માંગ કરનાર ગાંધીનગરના સાસરિયાંઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

**હાલમાં ડોક્ટરના વ્યવસાય સાથે સંકળાયેલા પતિ અને સમાજ કલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલા સસરાએ પીએનડીટી એક્ટના નિયમો નેવે મૂક્યા : દીકરીના જન્મ બાદ ‘તે દીકરી જણી’ તેવા મેણાં ટોણાં મારીશારિરીક માનસિક ત્રાસ ગુજારી જાનથી મારી નાખવાની ધમકી આપતા હિંમતનગર શહેરની યુવતીએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી : પોલીસે પતિ , સાસુ-સસરા સહિત સાસરિયાંઓ વિરુદ્ધ દહેજ ધારા અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૨

કેન્દ્ર સરકારે ગર્ભ પરીક્ષણ કસોટી નિયમન અને તેનો દુરુપયોગ અટકાવવા માટેનો કાયદો ૧૯૯૪ અમલી બનાવ્યો છે આ કાયદા પાછળનો મુખ્ય હેતુ ગર્ભ પરીક્ષણ કસોટી નો દુરુપયોગ થતો અટકાવવાનો અને સ્ત્રીભૂણની થતી હત્યાઓ અટકાવવાનો છે ત્યારે એક દીકરીના જન્મ બાદ ગર્ભવતી મહિલાને ગર્ભ પરીક્ષણ કરાવવા માટે દબાણ કરતો હોવાનો ગંભીર શર્મસાર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં ગુજરાત રાજ્યના પાટનગર એવા ગાંધીનગર સ્થિત એક પ્રજાપતિ પરિવારે પીએનડીટી એક્ટ અમલમાં હોવા છતાં પુત્ર મોહ ની ઘેલછામાં પુત્રવધુ સમક્ષ ગર્ભ પરીક્ષણ માટે દબાણ કરી પાંચ લાખ દહેજ માંગી પિયર તગેડી મુકતા હિંમતનગર મહિલા પોલીસ મથકે સાસરિયાઓ વિરુદ્ધ ઈપીકો કલમ ૪૯૮ (ક) ૫૦૪ , ૫૦૬ , (૨) ૧૧૪ તથા દહેજ ધારા અધિનિયમની કલમ ૪ હેઠળ ફરિયાદ નોંધાતાં પોલીસે પતિ , સાસુ-સસરા સહિત સાસરિયાંઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગરના સહકારીજીન રોડ ઉપર આવેલી રણછોડરાય સોસાયટીમાં રહેતા કનુભાઈ કેશાભાઈ પ્રજાપતિએ શિક્ષિત પરિવારમાં

સમાજનાં રીતિ-રિવાજ મુજબ પોતાની દીકરીના લગ્ન ગાંધીનગર મુકામે કરાવ્યા હતા દીકરીના લગ્નેતર જીવન દરમિયાન એક લક્ષ્મી રુપી પુત્રીનો જન્મ થયો હતો જેને લઈને સાસરિયાઓમાં નારાજગીનો માહોલ સર્જાયો હતો હાલમાં ગાંધીનગરની મધુર ડેરીમાં વેટરનરી ડોક્ટર તરીકે ફરજ બજાવતા પતિ સંતોષકુમાર રમણલાલ પ્રજાપતિ તથા નિવૃત્ત સમાજ કલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલા રમણલાલ હરિભાઈ પ્રજાપતિ સસરાએ ગર્ભ પરીક્ષણ અંતર્ગત ના પીએનડીટી એક્ટના નિયમો નેવે મૂક્યાં હતાં

ગાંધીનગરની પરણિતાએ હિંમતનગર મહિલા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ એક દીકરીના જન્મ બાદ મહિલા બીજી વખત ગર્ભવતી બનતા પતિ , સાસુ - સસરા , જેઠ - જેઠાણી અને નણંદ સહિતના સાસરિયાઓએ × તે દીકરી જણી × તેવા મહેણા - ટોણા મારી દહેજ પેટે રૂપિયા પાંચ લાખની માગણી કરી તેમજ બીજી વખત ગર્ભ રહેલ તેનું પરીક્ષણ કરાવવા દબાણ કરી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ ગુજારી જાનથી મારી નાખવાની ધમકી આપતા હિંમતનગર શહેરની યુવતીએ પતિ , સાસુ-સસરા સહિત સાસરિયાંઓ વિરુદ્ધ હિંમતનગર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૯૮ (ક) ૫૦૪ , ૫૦૬ , (૨) ૧૧૪ તથા દહેજ ધારા અધિનિયમની કલમ ૪ હેઠળ ફરિયાદ નોંધાતાં પોલીસે પતિ, સાસુ-સસરા સહિત સાસરિયાંઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

**કોના કોના વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ :**

(૧) સંતોષકુમાર રમણલાલ પ્રજાપતિ (પતિ)
(૨) લીલાબેન રમણલાલ પ્રજાપતિ (સાસુ)
(૩) રમણલાલ હરિભાઈ પ્રજાપતિ (સસરા)
(૪) આશિષભાઈ રમણલાલ પ્રજાપતિ (જેઠ)
(૫) કોમલબેન આશિષભાઈ પ્રજાપતિ (જેઠાણી)
(૬) જાગૃતીબેન પિયુષ કુમાર પ્રજાપતિ (નણંદ)

## ધનસુરામાં ૪૫ વર્ષથી ઉપરના લોકોને રસી મૂકવામાં આવી

ધનસુરા, તા. ૨

ધનસુરામાં ૪૫ વર્ષ થી ઉપર ના લોકોનું રસીકરણ શરુ કરવામાં આવ્યું ધનસુરા માં રૂપલબેન બ્રહ્મભટ્ટ કારોબારી અધ્યક્ષ ના નિવાસ્થાને કાર્યક્રમ યોજાયો હતો જેમાં આજુબાજુ ની સોસાયટી ના લોકો એ રસીકરણ કરાવ્યું હતું જેમાં ૮૫ થી વધુ લોકોએ રસીકરણ કરાવ્યું હતું જેમાં ૪૫ વર્ષ થી ઉપરના તમામ લોકોએ રસીકરણ કરાવ્યું હતું જેમાં તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામી, જિલ્લા સદસ્ય હિરેન પટેલ, રૂપલબેન બ્રહ્મભટ્ટ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ સહિત લોકો હાજર રહ્યા હતા જેમાં ૮૫ થી વધુ લોકોએ રસી મૂકાવી હતી.



## ૮૬ લાખ લિટર જેટલા વિક્રમજનક દૂધ સંપાદનનું કઈ રીતે મેનેજમેન્ટ કરે છે બનાસ ડેરી : સુનીલ કેદારજી

પાલનપુર, તા. ૨

આ શબ્દો ગઈકાલે બનાસ ડેરી ની મુલાકાતે પધારેલા મહારાષ્ટ્ર સરકારના પશુપાલન ડેરી વિકાસ, રમતગમત અને યુવા કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી સુનીલ કેદારજીએ ઉચ્ચાર્યા હતા.

મંત્રીશ્રીએ બનાસડેરીના વિક્રમજનક દૂધ સંપાદન અંગેની વિસ્તૃત જાણકારી મેળવી તેમજ બટર અને ચીઝ પ્લાન્ટની મુલાકાત પણ લીધી હતી. Amul ચીઝ જોઈ પોતે મુંબઈમાં બ્રેકફાસ્ટમાં પણ Amul ચીઝ ઉપયોગ કરે છે તેમ પણ જણાવ્યું હતું અને ચીઝની ગુણવત્તાની પ્રશંસા કરી હતી.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ દેશમાં ખેડૂતોની આવક ડબલ થાય તે માટે દૂધના વ્યવસાયની સાથે બટાકા પ્રોજેકટ, મધ પ્રોજેકટ, ગોબરગેસ પ્રોજેકટ, ઓઈલ પ્રોજેકટ બનાસ મેડિકલ કોલેજ, ટેક હોમ રાશન પ્લાન્ટ જેવા વ્યવસાયોનું બનાસ મોડેલ ઉભું કર્યું છે તે અંગેની બાબતો થી ઈ. એમ. ડી શ્રી સંગ્રામભાઈએ મંત્રીશ્રીને અવગત કર્યા હતા.

કો-ઓપરેટીવ મોડલ થકી બનાસ ડેરી દર મહિને તેના પશુપાલકોના ખાતામાં રૂ. ૭૫૦ કરોડથી વધુ રકમ ચુકવી રહી છે તે જાણીને મંત્રીએ સુખદ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.



## જન્મદિને વધામણી



વાચી વલયકુમાર શાહ
અમદાવાદ



અનિલ મહેશકુમાર બ્રહ્મભટ્ટ
(માઁ જ્વાલા ઓટો-બાયડ)
બાયડ



ભાવેન એચ. પટેલ
રડોદરા, તા.બાયડ



નિલેષ(ગોપાલ) એન. સોની
બાયડ (અમદાવાદ)



એડવોકેટ
સમીરખાન આર. બલોચ
બાયડ



મયુર એમ. પટેલ
અંતિસરા, તા.ધનસુરા



નિર્મલ એસ. માલીવાલ
(સંસાર કલેક્શન)
બાયડ



ઝાહીદભાઈ એમ. મિરઝા
(સંચાલક : ઉજળેશ્વર બી.એડ્. કોલેજ)
બાયડ



શ્યામ ભરતભાઈ ચૌધરી
આકરૂન્દ, તા.ધનસુરા